નં.ડીએમ/ડીસીએચ/૧૪૫૭૮૭/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર.
તા. ૨૫/૦૪/૨૦૨૩

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામુ**

પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અનુસાર રાજયમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્ન કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામા આવે ત્યારે જાણવા મળેલ છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે જાણવા મળે છે કે, મોબાઈલ કોઈ અજાણી વ્યકિતએ આપેલ છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સિમકાર્ડ, હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નકકી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેંચ્યો તે જાણવું જરૂરી જણાય છે. આ અંગેની પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

તેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લોઃ જામનગર** ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ તળે મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છુ કે, જામનગર વિસ્તારમાં જુના કે નવા મોબાઈલ લે–વેંચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેંચનારનું તથા મોબાઈલ વેંચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ, સરનામુ, નોંધવુ ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામાં આવે તે જરૂરી છે.

- **જુના કે નવા મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અનું. | મોબાઈલ ફોનની વિગત/કંપની/મોડલ નંબર | IMEI No. | મોબાઈલ કોની પાસેથી ખરીદ કરેલ છે તેનું પુરૂ નામ, સરનામાં, મોબાઈલ નંબરની વિગત | ID પ્રુફની વિગત. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

- **જુના કે નવા મોબાઈલ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :**

| અનું. | મોબાઈલ ફોનની વિગત/કંપની/મોડલ નંબર | IMEI No. | મોબાઈલ કોને વેચેલ છે તેનું પુરૂ નામ, સરનામાં, મોબાઈલ નંબરની વિગત | ID પ્રુફની વિગત. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

આ જાહેરનામાંના હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ–૧૮૮ મુજબ સજાને પાત્ર થશે. આ જાહેરનામાંના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૫ /૦૪/૨૦૨૩ થી તા. ૨૩ /૦૬/૨૦૨૩ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાંની જાહેર જનતાને પુરતી જાણકારી મળી રહે તે માટે તેની અખબારમાં બહોળી પ્રસિધ્ધી કરવી અને જે તે પોલીસ સ્ટેશનના અધિકારીએ પણ લોકોને જાણકારી મળી રહે તેવી કાર્યવાહી કરવી.

આજ તા.૨૫ માહે : એપ્રિલ – ૨૦૨૩ ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

Office of the District Magistrate, Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

<u>નકલ રવાના :–</u>

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
...આપના તાબાના તમામ પોલીસ સ્ટેશનને આ બાબતે વાકેફ કરવા વિનંતી.
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
૩. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જામનગર.
૪. સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર
૫. નાયબ પોલીસ અધિક્ષક, જામનગર(શહેર)/(ગ્રામ્ય)
૬. મામલતદારશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર
૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂ
૮. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...સદરહુ જાહેરનામાની ૨(બે) નકલો સામેલ છે. જે જાહેરનામું સરકારી અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો અત્રેને મોકલવા વિનંતી સહ.
૯. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.
૧૦. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેકટર કચેરી, જામનગર
..... ઉકત જાહેરનામાંને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
૧૧. સિલેકટ ફાઈલે

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર
૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
...જાણ થવા વિનંતી સહ.